# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૮૦ • તા.૨૧ ઓક્ટોબર થી ૨૭ ઓક્ટોબર ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન - પાંજી ધરોહર 2.0



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**


http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સુખ સિધ્ધિને સમૃધ્ધિની દાતા ગૌમાતા

અગાઉ કહેવાતું હતું કે આપણા દેશમાં દૂધ-ઘીની નદીઓ વહેતી હતી. એનો મતલબ એ નથી કે નદીઓમાં પાણીને બદલે દૂધના પ્રવાહ નિરંતર વહેતો રહેતો હતો. પણ એનો ગહન ભાવાર્થ એટલો કે દેશભરમાં દરેક ઘરોમાં દૂધ-ઘીની રેલમ છેલ રહેતી હતી. કારણ કે, એ સમયે ગામડાઓ સમૃધ્ધ હતા અને એના દરેક ઘરોમાં દૂઝણા ઢોર ખાસ કરીને ગાયોને પાળી તેના દૂધ ને તેના આડ પદાર્થો, માખણ, ઘી, છાશ ક્યારે ખૂટતા ન હતા. શહેરો એટલા મોર્ડન ન હતા. ત્યાં વસતી એટલે ખીચો ખીચ ન હોવાથી ઓછા મજલાના મકાનો, સિમેન્ટના ઘરો હતા. ગામડાના ગાર, કાચી માટીના ઘરોમાં છાણનું લીંપણ થતું. આમ ગાય દ્વારા મળતી દરેક વસ્તુઓ ઘરમાં ખેતરમાં વપરાતી હતી. ગોબર-ખાતર ખેતરમાં વપરાતું હતું. ચૂનો, ગાર-માટી અને છાણના લીંપણથી ભોંય અને દીવાલો કુદરતી રીતે ઠંડક આપતી અને ઠંડીમાં ગરમાવટો આપતી હતી.

ગાયને કામધેનુ કહેવાઈ છે. તેના દ્વારા મળતા પંચગવ્યો જનજીવન માટે અતિ ઉપયોગી છે. આજે એના ઉપર સંશોધન કરી દવા માટે ઉપયોગ કરાય છે. આજે લોકોના માનસિકતા સ્વાર્થી છે. જ્યાં સુધી ગાય કમાઉ રહી ત્યાં સુધી પોષે છે ત્યારબાદ તેને રસ્તે રઝળતી છોડી દે છે. ખેતરોમાં આજે આધુનિક ઓજારોથી ખેતી થાય છે. એટલે બળદ તો કોઈને પોષાય એવો રહ્યો નથી. એટલે રસ્તે રઝળતા ચોપગા પ્રાણીઓમાં આખલાઓ વધુ હોય છે.

અગાઉ જેટલા દૂધાળા ઢોર ઘરમાં એટલી સમૃધ્ધિ ગણાતી હતી. ગાયોને ગોધન કહેવાતું ભેંસના દૂધની તુલનામાં ગાયોના દૂધ પચવામાં હલકું અને ગુણો સભર હોય છે. ભેંસની સરખામણીમાં ગાય વધુ સ્ફૂર્તિવાળા અને ચપળ હોય છે. એવી જ રીતે પાડા કરતાં આખલામાં તાકાત વધુ હોય છે. આપણામાં કહેવાયું છે કે અન્ન તેવો ઓડકાર એ ન્યાયે ગાયના દૂધથી તાજગી આવે છે. જ્યારે ભેંસના દૂધથી જડતા અને શિથિલતા શરીરમાં વળે છે. ગાયનું ઘી આયુર્વેદમાં ઔષધી તરીકે છૂટથી વપરાય છે. શરીરની તંદુરસ્તી માટે ગાયના દૂધથી થતું ઘી અધિક ઉપયોગી છે તેવી જ રીતે વાતાવરણ પર્યાવરણ શુધ્ધિ માટે યજ્ઞમાં આહુતિ માટે ગાયનું ઘી વપરાય છે. મંદિરોમાં પણ દિવાબતીમાં ગાયનું ઘી થી હવાની પ્રદુષિતા નાશ પામે છે. આમ તન, મન અને હવામાન માટે પણ ઘી અતિ ઉત્તમ ઔષધ છે.

ગાય જીવન પર્યંત છાણ અને મૂત્રના રૂપમાં આપણને ઉપયોગી ઔષધ, બળતણ અને ખાતર આપે છે. ગાયનું ગોબર ઉત્તમ કુદરતી ખાતર છે અને મૂત્ર વગર મૂલ્યે મળતું ઉપયોગી જંતુનાશક દ્રવ્ય છે. સૂકાયેલું ગોબર બળતણ માટે ઉપયોગી છે. તો તેનો ઉપયોગ ધૂપ માટે કરવાથી રોગિષ્ટ જંતુઓનો નાશ કરે છે. ગોબરને સંચિત કરી તેમાંથી ગેસ ઉત્પાદન કરી તે રસોઈ માટે ઈંધણ સર્જે છે. આ ગોબર ગેસ પ્લાન્ટ અનેક સંસ્થાઓમાં ઉપયોગી થાય છે.

ગાય બળદને જન્મ આપે છે. જે ખેતીપ્રધાન દેશ માટે સૌથી સોંઘુ પ્રદૂષણરહિત ઉપયોગી સાધન છે. માલ સામાનની હેરફેર માટે અને પ્રવાસીઓના વહન માટે બળદ ગાડા મોંઘા પેટ્રોલ ડિઝલની અવેજીમાં સસ્તી સુખડી અને સિધ્ધપુરની જાત્રાનું કામ કરે છે.

આમ ગાય અને ગૌવંશ પ્રાચીન કાળથી ઉપયોગી થયા છે અને સુખ, સિધ્ધિ, સમૃધ્ધિને તાણી લાવનાર દાતા છે.

- જય જ્ઞાતિમૈયા

# ઉત્સવ લોકોનો ઉત્સાહ વધારે છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સમગ્ર વિશ્વમાં ભારત તેના સાંસ્કૃતિક અને પારંપારિક પર્વ, તહેવારો માટે જાણીતું છે. સંસારની સૌથી પ્રાચીન સંસ્કૃતિ ભારતની છે. દેશમાં ઉજવાતા વિવિધ ઉત્સવોની ઉણપ નથી. દરેક ઋતુ દરેક મહિનાની અલગ અલગ તિથિને વારનો મહિમા મંડિત કરાયો છે. પશુ, પ્રાણી, જલ, જમીન, આકાશ, સૂર્ય, ચંદ્રની અનેક વિધ પ્રકારે પૂજા અને ભક્તિ કરી તેનો મહિમા કરવાનો મહત્વ લોકોમાં પ્રચલિત છે. સર્પ, નાગને ક્ષેત્રપાળ, ખેતરપાળ તરીકે પૂજાય છે. દરેક વાર-દિવસના અલગ અલગ દેવી દેવતાઓનો મહિમા કરાય છે. અગ્યારસ, પૂનમ, બીજ, ચૌદસ ઈત્યાદિ તિથિની પરિવારમાં વિશેષ પૂજા ભક્તિ કરાય છે. ધર્મ, જાતિ, સંપ્રદાય અને ભાષાઓની વિશાળ વિવિધતાને લીધે, વિવિધ રાજ્યોની ખાસિયત લોક પ્રચલિત ભાવના શ્રધ્ધાને કારણે વર્ષના લગભગ દરેક દિવસે દેશના કોઈપણ હિસ્સામાં તહેવારો ઉજવાતા હોય છે. ઉત્સવ, સામૈયાની ઉજવણીને લીધે વ્યક્તિઓમાં નવ ચેતના, નવું પરિવર્તન આવે છે. આમ તહેવારો કે ઉત્સવો, હિંદુ અને ભારતીય સંસ્કૃતિના અભિન્ન અંગ છે.

કોઈ બંગલો, મકાન બિલ્ડીંગ કે મંદિર જિનાલયના નિર્માણ કરતાં પહેલાં તેની પાયાવિધિ, ખાત મુહૂર્ત, ભૂમિપૂજન ધામધૂમથી કરાય છે. પછી ઉદ્‌ઘાટન કે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાની ભવ્ય ઉજવણી પછી દર વર્ષે વર્ષગાંઠ, નૂતન ધ્વજા રોહણવિધિ નો મહોત્સવ ધામધૂમ ઉજવવા સૌ ભેગા થાય છે. આને માટે લોકમાં મોટો ઉત્સાહ હોય છે. જીવનની નાની નાની બાબતો, ક્ષણો સંત ગુરૂ દેવો કે વિશિષ્ટ મહાનુભાવોની જન્મજયંતિ પુણ્યતિથિને પણ ભવ્યતાથી માણવા તેઓની સ્મૃતિ કરવા કોઈ કસર છોડતા નથી. દરેક તહેવારો પાછળ કંઈ મહત્વ હોય છે. તેનો ઈતિહાસ, લોક પ્રચલિત માન્યતા હોય છે. દંતકથા જોડાયેલી હોય છે. વિવિધ દેવી દેવતાઓ, પવન, અગ્નિ, વન, વૃક્ષ, વરૂણ દેવ, નદી, ગ્રહ નક્ષત્ર વિગેરેને તહેવારોમાં મહત્વ અપાયું છે. દરેક તહેવારો લોકોના સમૂહ, પરિવાર, સમાજ, જ્ઞાતિ વચ્ચે સ્નેહ બંધન, પ્રેમ અને ખુશીઓની ભરતી લાવે છે.

ઉત્સવ ઉજવણી એક અર્થમાં આપણા રોજિંદા જીવનમાં ઉત્સાહ, ખુશી આનંદની લહેર લાવે છે. તહેરવારની રજાનો આનંદ ન માણે એવી વ્યક્તિ શોધવી મુશ્કેલ છે. શુષ્ક જીવન મોંઘવારીની પીડા, વ્યવહાર જાળવવાની મથામણ, નોકરી ધંધા રોજગારની સવારથી રાત સુધીની સતત અવિરત દોડધામમાં અટવાયેલો સામાન્ય માનવી ઉત્સવને ઉજવી રાહત અનુભવે છે. પરિવાર, સ્નેહીજનોને મળીને આનંદ માણે છે. ઉત્સવને લીધે જીવનની જડતા, શુષ્કતા ઉત્સાહમાં બદલાઈ જાય છે એ કંઈ પણ રીતે ઓછું નથી. આપણા પૂર્વજો લોક સંસ્કૃતિને જાળવી વિવિધ ઉત્સવોની ઉજવણી કરવાનું જીવન દર્શન આપીને આપણા ઉપર અનહદ ઉપકાર કર્યો છે. પર્વ, તહેવારોની ઉજવણી પછી આસપાસના આપણા માહોલમાં, હવામાં કંઈક અનોખા પરિવર્તનની અનુભૂતિ થાય છે. એ ચમત્કાર જ છે. તહેવારોની અસરથી લોકોમાં દયા, ભક્તિ, પ્રેમ, ક્ષમા, સહનશીલતા અને સહિષ્ણુતા જેવા સદ્‌ગુણો કેળવાય છે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**
**Whats App : 93222 57731**
**Read E-Paper http://www.kdosm.org**
**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન-પાંજી ધરોહર ૨.૦





શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૨ ૨૩ માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માન કાર્યક્રમ રવિવાર તા.૦૮ ઓક્ટોબરના બપોરે ૦૨.૦૦ વાગે સમૃધ્ધિ હોલ મધે ઉત્સાહપૂર્વક  ઉજવાયો. પ્રોગ્રામની શરૂઆતમાં પધારનાર સૌ વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન બાદ સર્વે આમંત્રિત મહેમાનોનું ઢોલ શહેનાઇના તાલે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવેલ.





કાર્યક્રમની શરૂઆતમાં મંડળના પ્રમુખ શ્રી મયૂર મણિકાંત ધુલ્લાએ ઉપસ્થિત રહેલા સર્વે જ્ઞાતિજનોને આવકાર આપ્યો હતો. ત્યારબાદ ''સરસ્વતી સન્માન'' કાર્યક્રમના દાતા પરિવાર માતુશ્રી રસીલાબેન  માણેકજી લોડાયા  હસ્તે  જયેશ માણેકજી લોડાયા-સાંધવ તથા મેસર્સ ડી વી શિપિંગ પ્રાઇવેટ લિમિટેડ હસ્તે શ્રીમતી ભાવના અમિત મોમાયા પરિવાર-વરાડીયા તથા આમંત્રિત યુવા પ્રતિભા યામિની અનીષ શાહ અને મંડળના પ્રમુખ મયૂર મણિકાંત ધુલ્લા, કોષાધ્યય રોપીન જયચંદ નાગડા, માનદ મંત્રી રાજેન્દ્ર મુલચંદ ઘુલ્લા, મહિલા વિભાગ પ્રમુખ શ્રીમતી વિરાજ મયૂર ધુલ્લા અને ઉપપ્રમુખ લતા ભાગચંદ કારાણી દ્વારા શ્રી સરસ્વતી માતાજી, શ્રી પાર્શ્વનાથ  ભગવાન અને  જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથાની છબીને માલ્યાર્પણ કરી દીપ પ્રાગટ્ય કરવાની વિધિ કરવામાં આવી હતી અને ત્યાર બાદ નવકાર મંત્ર અને સરસ્વતી વંદનાનું પઠન મહિલા વિભાગ સભ્ય શ્રીમતી સેજલ જીન્તન દંડ દ્વારા  કરવામાં આવેલ.



# શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ–મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન – પાંજી ધરોહર ૨.૦





સૌજન્ય દાતા પરિવારનો પરિચય મંડળ વતી ડાયમંડ અશોક દંડ તથા પ્રેમ ગુલાબચંદ ચુરલા દ્વારા આપવામાં આવેલ. દર વર્ષની જેમ આ વર્ષે  પણ મંડળ દ્વારા યુવા પ્રતિભા યામિની અનીષ શાહને આમંત્રણ આપી તેમની વિશેષ સિદ્ધિ બદલ બિરદાવવામાં આવ્યા હતા. આમંત્રિત યુવા પ્રતિભા ની સિદ્ધિની જાણકારી મંડળ વતી અનિક નરેન્દ્ર ધરમશી એ આપી હતી. આ ક્ષણે યુવા



## યુવા પ્રતિભા






યામિની અનિષ શાહ

# શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન - પાંજી ધરોહર ૨.૦





પ્રતિભા એ પોતાની કારકિર્દી ના ઘડતર દરમિયાનના અનુભવો અને વડીલો તેમજ પરિવાર તરફ થી મળેલ પ્રોત્સાહન, સહકાર અને સમજની વાતો વાગોળી હતી. મંડળે તેમના પરિવારને પણ મંચ પાર બોલાવી અભિનંદન આપેલ ત્યારે હાજર રહેલા જ્ઞાતિજનો એ તાળીઓ ના તાલે અભિવાદન કરેલ.

મંડળ દ્વારા આ વર્ષના સૌજન્ય દાતા પરિવારો અને યુવા પ્રતિભાને સુંદર સ્મૃતિચિન્હ ભેટ આપવામાં આવ્યા હતા. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન વિવિધ અભ્યાસક્રમ ના પ્રાથમિક વર્ષથી પોસ્ટ ગ્રેજ્યુએટ પરીક્ષામાં ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તીર્ણ થયેલા ૪૮ બાળકો અને યુવાનોનું સર્ટિફિકેટ, મેડલ અને ભેટ દ્વારા સૌજન્ય દાતા પરિવારના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન કરતા મંડળના માનદ મંત્રી શ્રી જીજ્ઞેશ કુંવરજી મોતા તથા મહિલા વિભાગ પ્રમુખ શ્રીમતી વિરાજ મયૂર ઘુલ્લા દ્વારા મંડળના  સમાજલક્ષી કાર્યને આગળ ધપાવવા ''NEEV'' યોજનાની વિગતો ફરી એકવાર હાજર રહેલ જ્ઞાતિજનો સમક્ષ







આપી હતી અને જેમ ટીપે ટીપે સરોવર ભરાય તેમ એક એક ''NEEV'' દ્વારા સમાજના ભવિષ્યના ઘડતરમાં સહભાગી થવાની ફરી એકવાર હાકલ કરી હતી. જેનો સુંદર પ્રતિસાદ સૌજન્ય દાતા પરિવારો, હાજર મહાનુભવો અને જ્ઞાતિજનો તરફથી ''NEEV'' યોજનામાં સરસ યોગદાન દ્વારા મંડળને પ્રાપ્ત થયો હતો. સૌજન્ય દાતા પરિવાર આમંત્રિત મહેમાનો, યુવા પ્રતિભા તેમજ સર્વે વિદ્યાર્થીઓએ ''પ્રતાપ એક્સલનસી''ની વિવિધ વ્યંજનોનો સ્વાદ માણ્યો હતો.

મહિલા વિભાગ દ્વારા ૩૫ મા વાર્ષિક કાર્યક્રમના અનુક્રમે કચ્છની સંસ્કૃતિ અને કલાનો સમન્વય સ્વરૂપના કાર્યક્રમ ''પાંજી ધરોહર

# શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન – પાંજી ધરોહર ૨.૦

૨.૦'' રજૂ કરવામાં આવ્યો હતો.

શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ ના સમૃદ્ધ વારસા સમાન પરંપરાગત લગ્ન ગીતો અને કચ્છીયતની ઓળખ સમી હસ્તકળા નો સમન્વય એજ ''પાંજી ધરોહર ૨.૦''. આ કાર્યક્રમની શરૂઆત મહિલા વિભાગ પ્રમુખ શ્રીમતી વિરાજ મયૂર ધુલ્લાએ ''પાંજી ધરોહર ૨.૦''ના સુંદર પરિચય સાથે કરી હતી. ત્યારબાદ પરંપરાગત લગ્ન ગીતોને પારંપારિક અસલ લગ્ન વિધિના નાટ્ય સ્વરૂપે દર્શાવામાં આવેલ. કાર્યક્રમની જાહેરાત થતા જ કાર્યક્રમમાં ભાગ લેવા ૧૦૦ કરતા વધારે જ્ઞાતિ જનો દ્વારા ઉત્કૃષ્ટ પ્રતિસાદ મળેલ. મુલુંડમાં વસતા કિશોરો, યુવાનોથી લઈને વરિષ્ઠ જ્ઞાતિજનોએ આ પરંપરાગત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉત્સાહ ભેર ભાગ લીધો અને આ વિવિધ સભર આયોજનને દરેકના સ્મૃતિપટ પર અંકિત કર્યું હતું.



## દાતા પરિવાર




માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર હસ્તે જયેશ માણેકજી લોડાયા-સાંધવ



મેસર્સ ડી વી શિપિંગ પ્રાઈવેટ લિમિટેડ હસ્તે શ્રીમતી ભાવના અમિત મોમાયા પરિવાર-વરાડીયા

# શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન - પાંજી ધરોહર ૨.૦

## Panji Dharohar 2.0



દક્ષા મૈશેરી, મુકેશ મૈશેરી, કુસુમ મેપાણી, કલ્પના લાલકા, તારિકા મોમાયા, ભૂપેશ મોમાયા, ભારતી શાહ, ડોલર શાહ, મનીષા લાલકા, મિતેશ લાલકા, નયના વિકમશી, અખિલેશ વિકમશી, કિરીટ મૈશેરી, પ્રાપ્તિ ધરમશી, ભાવેશ ધરમશી, શિવાની મૈશેરી, દૈલેશ મોમાયા, દીપક ડાઘા, રશ્મિ મૈશેરી, અવંતિકા મુનવર, રાજેશ્રી મોતા, મનોરમા લોડાયા, અલકા મૈશેરી, મીરા ધરમશી, મનીષા ખોના, જેમિની લોડાયા, છાયા ધરમશી, લીના ખોના, વર્ષા લોડાયા, સ્નેહા લોડાયા, દિપ્તી નાગડા, કેતકી પોલડીયા, રિદ્ધિ લોડાયા, ધવલ લોડાયા, માહિર લોડાયા, અભિષા મોતા, આયુષ મોતા, શ્વેતા મૈશેરી, જાગૃતિ લોડાયા, જયશ્રી જૈન, વિશાખા મોતા, તન્વી નાગડા, જીગર નાગડા













# શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન - પાંજી ધરોહર ૨.૦

આ કાર્યક્રમમાં જ્ઞાતિની દીકરીઓ દ્વારા શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિની ઓળખ સમાં પારંપરિક (જેમ કે કસબ, તાર વર્ક, કચ્છી ભરત, કેનવાસ ભરત તેમજ કપેડા વર્ક) વસ્ત્રો પરિધાન કરી ને એક સુંદર ફેશન શો રજૂ કરવામાં આવેલ. મોટી સંખ્યામાં પધારેલા જ્ઞાતિજનોએ રંગબેરંગી કચ્છી પરંપરાગત પોશાકમાં કાર્યક્રમમાં હાજરી આપી હતી અને જૂના સંસ્મરણો વાગોળ્યા હતા. બાદમાં સમગ્ર જ્ઞાતિજનોએ ઢોલના તાલે ગરબા અને દાંડિયા તથા મટુકડી રાંધ રમવાનો આનંદ માણ્યો હતો. સમારોહ અને સમાજની અગત્યતા સમજીને આદરણીય ધારાસભ્ય શ્રી મિહિર ચંદ્રકાન્ત કોટેચા એ સમારોહમાં હાજરી આપીને સમાજને સાંસ્કૃતિક વારસો જાળવવા તેમજ આવતી પેઢીને સમૃદ્ધ વારસા થી અવગત કરાવવા મંડળના આ પ્રયાસને બિરદાવ્યો હતો.

આ કાર્યક્રમમાં ૭૦૦ થી વધુ જ્ઞાતિજનોએ પ્રત્યક્ષ હાજરી આપી હતી તથા યુ ટ્યૂબના માધ્યમથી વિશ્વભરમાં ૪૯૦૦ થી વધુ લોકો એ માણ્યો હતો. કાર્યક્રમના સંયોજકો અને સહભાગી થનાર તમામ જ્ઞાતિજનોને કસબ મઢેલ કારીગીરીયુક્ત સ્મૃતિ ચિન્હ ભેંટ આપવામાં આવ્યા હતા. મહિલા વિભાગ પ્રમુખ શ્રીમતી વિરાજ મયૂર ઘુલ્લા એ આભારવિધિ કરી હતી. આ ઉલ્લાસ ભરી સાંજનું સમાપન ''પ્રતાપ એક્સલનસી''ના સ્વાદિષ્ટ વ્યંજનો સાથે થયું હતું. શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ તરફથી દરેક સભ્યો, દાતાઓ અને આ ઇવેન્ટને ભવ્ય સફળતા આપવામાં જેમણે ભૂમિકા ભજવી એ તમામ લોકોનો સહૃદયથી આભાર માનીએ છીએ અને ભવિષ્યમાં પણ સતત સમર્થન અને પ્રોત્સાહનની અપેક્ષા રાખીએ છીએ.

## મહેંદી સમારોહ નૃત્ય



કોમલ લોડાયા, નૂતન મોતા, ચાર્મી શાહ, દીપમ શાહ, વૃષાલી લોડાયા, હિતલ શાહ, સીમા ડાઘા, સોનલ હેફા, મલ્લિકા દંડ, મમતા લાપસીયા, જલ્પા ડાઘા, નેહા લાલકા



# શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન - પાંજી ધરોહર ૨.૦

## ઉજવણી નૃત્ય



ઉજવણી નૃત્ય : પાયલ મોતા, રેશ્મા દંડ, તન્વી શાહ, ફોરમ મોતા, ચાર્મી છેડા, હેતલ મોતા, જલ્પા નાગડા, શીતલ પોલાડિયા, ઉર્વી ધરમશી, સેજલ લોડાયા



## લગ્ન ગીત ગાયકો



અલ્પા છેડા, આશા ડાઘા, ગીતા મોમાયા, જયશ્રી ગોશર, જયશ્રી નાગડા, જલ્પા લોડાયા, કિન્નરી ધરમશી, મીરા ધરમશી

# શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન - પાંજી ધરોહર ૨.૦

## Fashion show







વૈષ્ણવી ધુલ્લા, મહેક મોતા, કાશવી મોતા, ભૂમિ ચુરલા, ક્રિશા ડાઘા, વૃષિકા મોમાયા, ખીયાંશી દંડ, વ્યોમી મૈશેરી, પલ્લવી દંડ, પલક હેફા, ખિયા નાગડા, યુક્તિ લોડાયા, કાવ્યા શાહ, રાશી ધરમશી, મોક્ષ ધરમશી, હિમાંશી લોડાયા, પ્રાચી લોડાયા, જાનવી ધરમશી, યાશી મૈશેરી, સંભવી લોડાયા, દીક્ષા ધરમશી, સૃષ્ટિ મૈશેરી, શ્રેયા ખોના, દષ્ટિ લોડાયા, તન્વી લાપસિયા







# શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન - પાંજી ધરોહર ૨.૦

## KDOJSM TEAM





## શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ-મુલુંડ વર્ષ ૨૦૨૩ 'નીવ'ના દાતાઓનું લીસ્ટ

| નીવ ડોનર્સ | ગામ | નીવ |
|---|---|---|
| ચી. અર્જુન, ઈશાન, શરણ્ય વિપુલ લાલકા | લાલા | ૧૦૦ |
| માતુશ્રી વિજ્યાબેન શાંતિલાલ મૈશેરી | લાલા | ૧૦૦ |
| માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા | રાયધણજર | ૫૧ |
| માતુશ્રી રતનબેન જયચંદ લુઠીયા | રવા | ૫૧ |
| ચી. પાર્શ્વ ગૌતમ દીપક ડાઘા | વરાડીયા | ૫૧ |
| શ્રીમતી રશ્મિ પ્રતાપ લોડાયા | તેરા | ૫૧ |
| શ્રી હંસકુમાર શામજી શિયાલ | જખૌ | ૫૦ |
| શ્રી કલ્પેશ ભવાનજી લોડાયા | સાંધવ | ૫૦ |
| માતુશ્રી તરલાબેન મણિકાંત ધુલ્લા | જખૌ | ૫૦ |
| માતુશ્રી કસ્તુરબાઈ વિસનજી ધરમશી | | |
| અને માતુશ્રી રતનબાઈ નરશી ધરમશી | સુથરી | ૫૦ |
| ચી. કલ્પ કોમલ મેહુલ લોડાયા | રવા | ૪૯ |
| માતુશ્રી ધનલક્ષ્મી સૂર્યકાંત લોડાયા | રવા | ૪૯ |
| એક સદગૃહસ્થ | સાંધાણ | ૨૫ |
| શ્રી ભદ્રીચંદ દેવશી લોડાયા | વાંકુ | ૨૫ |
| શ્રીમતી હેમા અશ્વિન મણીલાલ ખોના | સુથરી | ૨૫ |
| શ્રી હેમંત પ્રફુલ શાહ | જખૌ | ૨૫ |
| શ્રી કૌશિક હંસકુમાર શાહ | જખૌ | ૨૫ |
| માતુશ્રી ધનબાઈ રાયચંદ રતનશી કારાણી | સુથરી | ૨૫ |
| માતુશ્રી હેમલતા પ્રતાપ ગોવિંદજી લોડાયા પરીવાર | સુથરી | ૨૫ |
| માતુશ્રી માધુરીબેન મણીલાલ મોમાયા | સુથરી | ૨૫ |
| માતુશ્રી પ્રભાવતી જવેરચંદ મોમાયા | ડુમરા | ૨૫ |
| માતુશ્રી સોનબાઈ રતિલાલ લોડાયા | સુથરી | ૨૫ |
| શ્રીમતી મીના નરેન્દ્ર લોડાયા | નલીયા | ૨૫ |
| શ્રી મુલચંદ હીરજી ધુલ્લા | જખૌ | ૨૫ |
| સંઘ માતા કલ્પનાબેન શામજી નરશી દંડ | સાંધવ | ૨૫ |

# શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ-મુલુંડ વર્ષ ૨૦૨૩ 'નીવ'ના દાતાઓનું લીસ્ટ

| | | |
|---|---|---|
| શ્રી દિનેશ મૂળજી લાલકા | લાલા | ૨૧ |
| માતુશ્રી દમયંતીબેન ચીમનલાલ નાગડા | નલીયા | ૨૧ |
| ચી. પ્રિયાંશી અને પ્રિશા જયેશ લોડાયા | સાંધવ | ૨૧ |
| શ્રીમતી ભાવના અમિત મોમાયા | વરાડીયા | ૨૧ |
| શ્રીમતી છાયા વીરેન્દ્ર લોડાયા | નલીયા | ૨૧ |
| ચી. અહાન, અંતરીક્ષ, અરિષ્ઠા | રંગપુર | ૧૧ |
| શ્રી ભરત મુલજી મૈશેરી | જખૌ | ૧૧ |
| સ્વ. ધનજી લખમશી ધુલ્લા | કોઠારા | ૧૧ |
| ડો. વાંસતી હીરજી ખોના | સુથરી | ૧૧ |
| શ્રી ગુલાબચંદ ગોવિંદજી લખમશી ચુરલા | સાંધાણ | ૧૧ |
| માતુશ્રી ઈન્દિરાબેન નવીન માણેકજી મૈશેરી | માંડવી | ૧૧ |
| માતુશ્રી જયશ્રી કિશોર મોતા | લાલા | ૧૧ |
| શ્રીમતી જયશ્રી નવીન જૈન | બાયઠ | ૧૧ |
| શ્રીમતી કલ્પના જિતેન્દ્ર હેફા | જખૌ | ૧૧ |
| માતુશ્રી કાંતાબેન સતિષચંદ્ર લોડાયા | મોટી ખાવડી | ૧૧ |
| શ્રી કિરીટકુમાર નારણજી મૈશેરી | નાની સિંધોડી | ૧૧ |
| માતુશ્રી દમયંતી હંસરાજ દંડ | સાંધવ | ૧૧ |
| માતુશ્રી જયાબેન પ્રતાપ દંડ | સુથરી | ૧૧ |
| માતુશ્રી રમીલાબેન ગોવિંદજી દંડ | નલીયા | ૧૧ |
| માતુશ્રી જવેરબેન કુંવરજી (રમેશ) મોતા | રાપર ગઢવારી | ૧૧ |
| માતુશ્રી કલ્પના બકીમચંદ લાલકા | લાલા | ૧૧ |
| માતુશ્રી મણીબાઈ મેઘજી ધુલ્લા | સુથરી | ૧૧ |
| માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી-બાર્શીવાલા | સાંધાણ | ૧૧ |
| માતુશ્રી સોનલબેન કુલીકાંત નાગડા | સાંધાણ | ૧૧ |
| માતુશ્રી સુમતિબેન સોમચંદ દંડ અને માતુશ્રી મીઠીબાઈ ત્રિકમજી દંડ | વરાડીયા | ૧૧ |
| ચી. મીશા સ્નેહા મલય મહેતા અને માનવ સ્નેહા મલય મહેતા | જખૌ | ૧૧ |
| માતુશ્રી રતનબેન મણીલાલ નાગડા | કોઠારા | ૧૧ |
| અ.સૌ.શિવાની જીનેન રાહુલ મૈશેરી | વરાડીયા | ૧૧ |
| શ્રીમતી અરૂણા ગિરીશ ટોકરશી ધરમશી | જસાપર | ૧૧ |
| ચી. સ્વેનિકા, જીવાંશ અને ઓમ કારાણી | સુથરી | ૧૧ |
| એક સદગૃહસ્થ | | ૭ |
| શ્રી અજય જેઠાલાલ ધરમશી | રંગપુર | ૫ |
| એક સદગૃહસ્થ | | ૫ |
| શ્રીમતી ચિત્રા રમેશ ધરમશી | સુથરી | ૫ |
| શ્રીમતી દક્ષા હંસકુમાર છેડા | સુજાપુર | ૫ |
| શ્રી દિનેશ લાલજી અજાણી | કોઠારા | ૫ |
| ચી. દિયારા ખુશ્બૂ રોમલ શાહ | સુથરી | ૫ |
| શ્રીમતી હંસા રાજેશ ખોના | જખૌ | ૫ |
| માતુશ્રી જયાબેન રતિલાલ મૈશેરી | માંડવી | ૫ |
| માતુશ્રી પુષ્પાબેન પદમશી મૈશેરી અને માતુશ્રી દિવ્યાબેન દામજી લોડાયા | જખૌ | ૫ |


| | | |
|---|---|---|
| માતુશ્રી માધુરી પ્રતાપ ધરમશી | સુથરી | ૫ |
| માતુશ્રી જયાબેન જવેરચંદ લાલકા | બાંઢીયા | ૫ |
| શ્રીમતી મીના રાજેશ હેફા | જખૌ | ૫ |
| ચી. પહેલ કૃપાલી પ્રિયાંક મૈશેરી | લાલા | ૫ |
| ચી. પરમ રૂપેન મોમાયા | ડુમરા | ૫ |
| ચી. પ્રાશી જિનેન મૈશેરી | જખૌ | ૫ |
| શ્રી રાજેશ ડુંગરશી હેફા | જખૌ | ૫ |
| શ્રી રમેશભાઈ વિસનજી નાગડા | નલીયા | ૫ |
| શ્રીમતી રેખા લલિત મોમાયા | સાંયરા | ૫ |
| ચી. શ્રેની જીગર નાગડા | પરજાઉ | ૫ |
| ચી. શ્રુતિ અને યુક્તિ પિયુષ લોડાયા | મોટી સિંધોડી | ૫ |
| સ્વ. તેજલ વિરચંદ મૈશેરી | જખૌ | ૫ |
| ચી. ત્વીશા પારસ ચુરલા | સાંધાણ | ૫ |
| સ્વ. વિજય પદમશી ધરમશી | જખૌ | ૫ |
| માતુશ્રી ગુણવતી ભોજરાજ નાગડા | રાપર ગઢવારી | ૩ |
| માતુશ્રી કસ્તુરબાઈ ચાંપશી મોતા | જસાપર | ૩ |
| માતુશ્રી પ્રભાવતી તેજપાલ ધરમશી | લાલા | ૩ |
| શ્રી અખિલેશ ધનજી વિકમશી | રાણપર | ૨ |
| શ્રી હંસરાજ એમ દંડ | લાલા | ૨ |
| માતુશ્રી હીરાવંતી લક્ષ્મીચંદ ભેદા | વારાપધ્ધર | ૨ |
| માતુશ્રી જયાબેન આણંદજી મોતા | કોઠારા | ૨ |
| શ્રીમતી જ્યોતિ નરેન્દ્ર દંડ | તેરા | ૨ |
| શ્રીમતી કવિતા જયેશ લાલકા | લાલા | ૨ |
| શ્રીમતી કિંજલ નિશિત ગોસર | બાયઠ | ૨ |
| ચી. કિયાન સેજલ ધર્મેશ લોડાયા | સુથરી | ૨ |
| માતુશ્રી મનોરમા ઉમરશી લોડાયા | આરિખાણા | ૨ |
| શ્રીમતી પ્રાપ્તિ ભાવેશ ધરમશી | સુથરી | ૨ |
| ચી. રાયન શ્રેયા ભાવિન ખોના | જખૌ | ૨ |
| સ્વ. રાહુલ પૂનમચંદ મૈશેરી | લાલા | ૨ |
| ચી. સાક્ષી હિતેશ નાગડા | રાપર ગઢવારી | ૨ |
| ચી. સંભવી સમીર લોડાયા | સુથરી | ૨ |
| ચી. સ્મિત સંજય મોમાયા | વરાડીયા | ૨ |
| ચી. સૃષ્ટિ રાજેશ મૈશેરી અને પ્રિશા રાજેશ મૈશેરી | માંડવી | ૨ |
| ચી. વિવાન પ્રેમ ચુરલા | સાંધાણ | ૨ |
| ચી. અમાયરા પ્રિયંકા અમિત લોડાયા | સુથરી | ૧ |
| ચી. ભૂમિ પરેશ મણીલાલ લાપસીયા | કોઠારા | ૧ |
| ચી. ધાર્મિક સમીર ધરમશી | જસાપર | ૧ |
| શ્રી કિશોર હીરજી છેડા | તેરા | ૧ |
| શ્રી પિયુષ દામજી ધરમશી | સાંયરા | ૧ |
| ચી. પ્રાંશી સમીર ધરમશી | જસાપર | ૧ |
| ચી. વંશ ચિંતન શાહ (ધરમશી) | જસાપર | ૧ |
| ચી. વિધાન જુબીન શાહ (ધરમશી) | જસાપર | ૧ |


ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
With LOWEST INTEREST Rates,
we are still very much Co-operative
Festival Celebration
Bonanza 2023
2 WHEELER LOAN
*7.99%
(p.a.)
CAR LOAN
*7.99%
(p.a.)
GOLD LOAN
(p.a.)
HOME LOAN
(p.a.)
eAUTO LOAN
(p.a.)
MORTGAGE LOAN
*7.99%
(p.a.)
TRADE LOAN
(p.a.)
COMMERCIAL VEHICLE LOAN
*9.49%
(p.a.)
LOAN AGAINST PROPERTY
*9.49%
(p.a.)
LOAN AGAINST INSURANCE POLICY
*7.75%
(p.a.)
SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
www.arihantbank.com
@ ArihantBank

# શ્રી જખૌ રત્નટૂંક દેરાસર શતકોતર અમૃત મહોત્સવમાં રચાયો નવો ઈતિહાસ



પૂંજાબાઈ ભીમશી રતનશી લોડાયા (પૂંજામા)



રાજેશ રમણકાંત લોડાયા

શ્રી જખૌ રત્નટૂંક તીર્થના શ્રી મહાવીર સ્વામી જિનાલયના ધ્વજારોહણ કરવાનો વંશ પરંપરાગત પુણ્ય લાભ પ્રથમથી જ શેઠશ્રી રતનશી વીરજી લોડાયા પરિવારને આપવામાં આવેલ છે.

જખૌ સંઘના પુણ્યોદયે શ્રી ક.દ.ઓ.જૈન સંઘ જખૌના લાભાર્થે આ વર્ષે શ્રી જખૌ રત્નટૂંક તીર્થના શતકોતર અમૃત મહોત્સવ પ્રસંગે એક જ દિવસ પૂરતો એટલે કે તા.૨૫ ડિસેમ્બર ૨૦૨૩ના દિને શ્રી મહાવીરસ્વામી જિનાલયના ધ્વજારોહણનો લાભ જખૌવાસી જ્ઞાતિજનો અને નિયાણીઓના લાભાર્થે તીર્થ સ્થાપક પરિવારે હરખથી સોંપી આપવા નિર્ણય લીધો.

**આવી નવી વિચારધારા થી જ સંઘ-સમાજ મહાજનની પ્રગતિ ગતિ પકડશે. જે આજના જમાનામાં જરૂરી છે. આ પરિવર્તનનો પવન દરેક પ્રકારે આગળ વધે તો ધર્મની ધજા શાશ્વત, ઉન્નત રહેશે.**

આ સુવર્ણ અવસરનો લાભ પ્રદાન કરવા માટેના ચડાવા મોકલવા શ્રી ક.દ.ઓ.જૈન મહાજન જખૌ, શ્રી જખૌ રત્નટૂંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ તથા શ્રી જખૌ રત્નટૂંક શતકોતર અમૃત મહોત્સવ વરિષ્ઠ સમિતિ દ્વારા ત્રણ વોટસઅપ નંબર ઉપર નામ મોકલવવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. તા.૧૪ ઓક્ટોબર શનિવારના સવારે ૧૧ કલાકે શતકોતર અમૃત મહોત્સવના ધ્વજાનો આદેશ માતુશ્રી સુશીલાબેન વેલજી શામજી સોની જખૌ હસ્તે સચિન રાજેન્દ્ર સોનીને આપવામાં આવેલ હોવાનું જાહેર કરાયું છે.

# શ્રી જખૌ રત્નટુંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવના કંકોત્રીના કંકુ છાંટણા





શ્રી જખૌ રત્નટુંક જૈન તીર્થના મહાવીરસ્વામી જિનાલયની ૧૭૫વર્ષ ની ઉજવણી માટે શતકોત્તર અમૃત મહોત્સવના આમંત્રણ પત્રિકા ઉપર કંકુ છાંટણાનો જાજરમાન કાર્યક્રમ શનિવાર, તા. ૧૪.૧૦.૨૦૨૩ ના મુલુંડ મધ્યે ચર્તુવિદ સંઘની હાજરીમાં ઉજવાયો.

શ્રી જીવરાજ ભાણજી હોલ ખાતે પ.પૂ.ગણીવર્ય શ્રી ઉદયરત્ન સાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા., પ.પૂ.સા.આર્યરક્ષીતા મ.સા. આદીઠાણા તથા યતીવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રામાં ઉજવનાર આ કાર્યક્રમમાં ઉત્સવના લાભાર્થી પરિવારો, દાતાઓ અને જ્ઞાતિજનો હાજર હતા.





# શ્રી જખૌ રત્નટુંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવના કંકોત્રીના કંકુ છાંટણા





આ વર્ષે શ્રી મહાવીરસ્વામી જિનાલયની ધ્વજાનો લાભ કાયમી લાભાર્થી તીર્થસ્થાપક શા.રતનશી વીરજી લોડાયા પરિવારે, શ્રી મણિકાન્ત ભાઈ ધુલ્લા ના પ્રેરણા થી શ્રી સંઘ ને સોંપવાનો અણમોલ નિર્ણય લીધો તેથી અનેરો ઉત્સાહ હતો. તીર્થસ્થાપક પરિવારની ખૂબ ખૂબ અનુમોદના.

તીર્થસ્થાપક પરિવાર વતી શ્રી રાજુભાઇ રમણકાન્ત લોડાયા હાજર રહેતા તેમનું સ્વાગત ઢોલ શરણાઈ સાથે વાજતે ગાજતે કરવામાં આવેલ.















# શ્રી જખૌ રત્નટુંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવના કંકોત્રીના કંકુ છાંટણા





પ.પૂ.મુનિશ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા.ના મુખે માંગલિક તેમજ પ્રવચન બાદ શાસન રત્ન શ્રી નરેન્દ્રભાઇ નંદુ તથા મેઘભાઈ નંદુ ના દોરવણી હેઠળ સહુથી પહેલા લિખિતંગના લાભાર્થી પરિવાર અ.સૌ.સ્મિતા રાયચંદ જીવાણી પરિવારના હસ્તે આમંત્રણ પત્રિકા ઉપર વિધિપૂર્વક કંકુ છાંટણા કરવામાં આવેલ. ત્યાર બાદ વિવિધ લાભાર્થી, દાતા પરિવારો, શ્રેઠીઓ, આમંત્રીતોને કંકુ છાંટણાનો લાભ લીધેલ.








# શ્રી જખૌ રત્નટુંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવના કંકોત્રીના કંકુ છાંટણા







બરાબર ૧૧ ના ટકોરે શ્રી મહાવીરસ્વામી જિનાલયની ધ્વજાના ચડાવા whatsapp દ્વારા આવેલ રૂા.૧,૮૫,૦૦૦/-થી શરૂ થયા. તીર્થાધિપતિની મહેરનજર, તીર્થસ્થાપક પરિવારની ઉદારતા તેમજ શ્રી નરેન્દ્રભાઇ નંદુના વાણીના પ્રભાવથી જાણે જાદુ ફેલાયો અને ક્યારેક જ મળતો આ લાભ કેવા ભાગ્યશાળીઓ ચડતે ભાવે બોલી બોલવા લાગ્યા અને થોડીજ મીનીટોમાં રૂા.૧૫ લાખ પર પહોંચી ગયો અને હાજર મેદની જેમાં મુંબઇ મહાજનના અધિકારીઓ, કારીબારી સભ્યો અને ટ્રસ્ટીઓ હાજર હતા બધાએ તાળીઓનો ગડગડાટ કર્યો. ચડાવાનો રૂા. ૧૫,૫૫,૫૫૫/-માં અમૂલ્ય લાભ લેનાર મા. સુશીલાબેન વેલજી સોની પરિવાર વતી મા. કાશ્મીરાબેન રાજેન્દ્ર સોની અને પરિવારેને સભાએ ઉભા થઇ ૨૭ તાળીઓની સલામી આપી.











# શ્રી જખૌ રત્નટુંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવના કંકોત્રીના કંકુ છાંટણા




શ્રી નરેન્દ્રભાઇ નંદુના આવહાન પર ચડાવાનો લાભ ન મેળવી શકનાર મા.દમયંતિબેન શામજી શિયાલ પરિવારે ઉદારતા બતાવી રૂા.૧૧,૧૧,૧૧૧/- માં સંમેલનના શિરોમણી દાતા બનવાનો લાભ લીધો. અ.સૌ.કલ્પના બેન મોતા તેમજ શિલ્પાબેન ધરમસીએ બધી નિયાણીનું સંપર્ક કરી, જખૌની નિયાણીઓવતી રૂા.૨,૫૧,૦૦૦/-માં પ્લેટિનમ દાતા બનવાનો લાભ લીધેલ, એમના પ્રયત્નો હજી ચાલુ છે અને મોટો લાભ લેવાની ઈચ્છા છે.














# શ્રી જખૌ રત્નટુંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવના કંકોત્રીના કંકુ છાંટણા








બધા દાતાઓ અને લાભાર્થીઓની ભૂરી ભૂરી અનુમોદના. આ કાર્યક્રમમાં ઉપસ્થિતોને ધ્વજાના દર્શન, પૂજનનો લાભ મળેલ. સમારંભ બાદ બધાયે સાધર્મિક ભક્તિનો લાભ લીધેલ.












# શ્રી જખૌ રત્નટુંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવના કંકોત્રીના કંકુ છાંટણા



જખૌ રત્નટુંક શતકોત્તર અમૃતમહોત્સવમાં હાજરી આપવા ૯૦૦ કરતા વધુ ભાવિકોના નામો આવી ગયેલ છે.

કચ્છમાં વસતા જખૌવાસીઓના લાભાર્થે રવિવાર, તા. ૧૫ ઓક્ટોબરના રોજ શ્રી ગાંધીધામ ક.દ.ઓ.મહાજનના સહકાર સાથે શ્રી ક.દ.ઓ.ભવન ગાંધીધામ મધ્યે પ.પૂ.સા.શ્રી મહોદયશ્રીજી મ.સા. આદીઠાણાની નિશ્રા હેઠળ કંકુ છાંટણાનો કાર્યક્રમ સંપન્ન થયેલ.

જખૌ અને નલિયા સ્થાનિકે વસતા ૨૫ જેટલા જ્ઞાતિજનો તેમજ મુન્દ્રા, ભુજ, અંજાર, આદિપુર ઇત્યાદિ ઠેકાણે વસતા જખૌવાસીઓ, નિયાણીઓ તેમજ આમંત્રીતો ની ૧૦૦ કરતા વધુની ઉત્સાહવર્ધક હાજરી વચ્ચે સંપન્ન થયો.









# શ્રી જખૌ રત્નટુંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવના કંકોત્રીના કંકુ છાંટણા





પૂજ્યશ્રીના મુખે માંગલિક અને આશીર્વાદ અને સા.પ.પૂ. યશોદયશ્રીજી મ.સા.ના બધાને એકજુટ થઈ મહોત્સવને અભૂતપૂર્વ અને યાદગાર બનાવવાના આવહાન બાદ કંકુ છાંટણાનો કાર્યક્રમ શરૂ થયો.

બધા જખૌવાસીઓને લાભ આપવામાં આવેલ. સંપૂર્ણ કાર્યક્રમ સફળ બનાવવાનો યશ કચ્છ વસતા જખૌ વાસીઓ તથા ગાંધીધામ મહાજનને જાય છે.










# શ્રી જખૌ રત્નટુંક દેરાસર શતકોત્તર અમૃત મહોત્સવના કંકોત્રીના કંકુ છાંટણા















# Anumodana

## Sanjivani Case - 116

**Name : Mr. Nitin Umarshi Dharamshi    Age : 55 yrs.    Village: Suthri (Dombivli)**

| | |
|---|---|
| Shri Anantnathji Maharaj Jain Temple & It's Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patrons** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 25,000.00 |
| **Uranium Patrons** | |
| Matushri Laxmiben Hirji Virji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patrons** | |
| Matushri Kasturibai Visanji Dharamshi and Matushri Ratanbai Narshi Dharamshi,Suthri -Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri D.B. K.D.O. Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO Jain Sangh Poona | 2,500.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO Mandal, Dombivli | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 1,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Matushri Purbai Lakhamshi Lalka Charitable Trust, Kutch | 2,000.00 |
| Shri Kirti Dhanji Dharamshi (M/s. Deluxe Logistics Pvt. Ltd.), Bangalore | 2,000.00 |
| Late Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 2,000.00 |
| **Platinum Patrons** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Daimond Patrons** | |
| Matushri Laxmiben Javerchand Dharamshi , Kothara - Bijapur | 3,000.00 |
| Shri Hans B. Khimji, Tera, Matunga | 2,000.00 |
| Mrs. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 2,000.00 |
| **Gold Patrons** | |
| Late Kumar Dhawal Mayur Lodaya( H: Matushri Jayaben Motilal Lodaya) Moti Khavdi , Ghatkopar | 2,000.00 |
| Matushri Madhuben Hirachand Dand ( Haste: Ritesh H. Dand ) Lala, Mulund, Mumbai | 2,000.00 |
| Shrimati Deenaben Janak Daulat , Suthri - U.S.A. | 2,000.00 |

| | |
|---|---|
| Matushri Ratanbai Jethabhai Chheda, H: Pinakinbhai J. Chheda, Naliya - Mulund | 2,000.00 |
| Master Parth Ami Deepak Meisheri ( H: Smt. Rita Manikant Lodaya), Jakhau - Mulund | 2,000.00 |
| Shrimati Jayaben Nirenbhai Nagda Nagda, Tera ( U.S.A ) | 2,000.00 |
| Sethshri Dhanraj Thakarshi Kurwa & Shrimati Dhanlaxmi Dhanraj Kurwa, Godhra (H: Hiten Shah) | 2,000.00 |
| Sethshri Manekji Narshi Lodaya (Babuseth) & Matushri Hirbai Manekji Lodaya, Varadia ( H: hiten Shah) | 2,000.00 |
| Matushri Vejbai Vasanji Anandji Gala (Khajurwala), Manjal - Pune ( H: hiten Shah ) | 2,000.00 |
| Sethshri Shantilal Jethabhai Khona & Matushri Jayabai S. Khona, Tera - Mulund ( H: hiten Shah ) | 2,000.00 |
| Shrimati Chetna Lajesh Khona & Kalp L. Khona, Tera - Mulund ( H: hiten Shah ) | 2,000.00 |
| Shri Yomesh Dhanraj Thakarshi Kurwa, Godhra - Gaondevi , Haste : ( Hina & Hemant M. Shah ) | 2,000.00 |
| AMVIGOR ORGANICS PRIVATE LIMITED | 2,000.00 |
| **Silver Patrons** | |
| Shri Vasantbhai Karamshi Vikamshi, Jakhau, Dadar | 1,000.00 |
| Matushri Mankbai Laxmichand Shoney ( H: Shri Naresh L. Shoney) Vanku, Ghatkopar | 1,000.00 |
| Matushri Gunvantiben Umarshi Lodaya, Tera, Karanja (Lad) | 1,000.00 |
| Matushri Laxmiben Bhavanji Lodaya ( H: Shri Virendra B.Lodaya) Naliya, Mulund, Mumbai | 1,000.00 |
| Shri Laxmichand Ratansey Khona, Suthri, Vileparle, Mumbai | 1,000.00 |
| Matushri Vasantiben Navinchandra Narshi Khona , Naliya, Ghatkopar, Mumbai | 1,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher | 41,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Kothara - Vapi ( Shree Sai Flexi) | 5,000.00 |
| Shri Laherchand Kunverji Meisheri | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 2,500.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Raichur | 2,100.00 |
| Well Wisher | 2,000.00 |
| Shrimati Neeta Mahendra Poladia | 1,500.00 |
| Shri Hanskumar L. Chheda, Sujapur - Bhandup | 1,500.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Andheri | 1,000.00 |
| Shri Ratilal Shamji Shah (Momaya), Varadiya - Bhandup | 1,000.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Adipur | 500.00 |
| Shri Shrikant Shah, Raichur | 500.00 |
| Matushri Mulbai Keshavji Kalyanji Lodaya, Lala | 500.00 |
| Shri Nitin Raichand Shah, Suthri - Bhandup | 500.00 |
| Well Wisher | 202.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ગાંધીધામ દ્વારા ચૈત્ય પરિપાટી ૨૦૨૩ યોજાઈ

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન - ગાંધીધામ
આયોજીત - ચૈત્ય પરિપાટી ની ઝલક

રવિવાર તા. ૦૩-૦૯-૨૦૨૩




લાભાર્થી પરિવાર : મુખ્ય દાતા :- માતુશ્રી વેજબાઈ સોમચંદ ધારશી નાગડા પરિવાર (નલીયા - ગાંધીધામ)
સહયોગી દાતા :- શ્રી આદિનાથ સોસાયટી પરિવાર તથા એક સદગૃહસ્થ પરિવાર

# શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ગાંધીધામ દ્વારા ચૈત્ય પરિપાટી ૨૦૨૩ યોજાઈ

તા ૦૩ સપ્ટેમ્બર રવિવાર ના દિવસે પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના ચાર. કર્તવ્યો પૈકી ચોથું કર્તવ્ય પૂર્ણ કરવા ગાંધીધામ મહાજનશ્રી તરફથી ચૈત્યપરિપાટીનું આયોજન કરવામાં આવ્યું.

ચૈત્યપરિપાટી ભારતનગર જીરાવલ્લાદાદાના દર્શન અને ચૈત્યવંદન કરી પ.પૂ. સાધ્વીશ્રી મહોદયાશ્રી મ.સ.આદિ ઠાણાને વંદન કરેલ, પૂજ્યશ્રીએ માગંલિક શ્રવણ કરાવેલ અને આદિપુર આદિનાથદાદાના અને મહાવીર નગર વિમલનાથ દાદાના દર્શન કરી સવારના ૬.૦૦ કલાકે ચાર બસો થી પ્રસ્થાન કરેલ. પહેલા પડાવમાં નાના આસંબિયા ગામે આદિનાથદાદા ના દર્શન અને ચૈત્યવંદન કરી પરમ પૂજ્ય ગણિવર્યશ્રી રાજરત્નસાગરજી મ.સા આદિ ઠાણા-૧૨ ને વંદન કર્યા,પૂજ્યશ્રીએ માગંલિક શ્રવણ કરાવેલ નાના આસંબિયા સંઘનો સન્માન શ્રી અનિલભાઈ નાગડા એ સ્વીકારેલ, સવારની નવકારશીનો લાભ નાનાઆસંબિયા સંઘે લીધો.

ત્યાંથી ૭૨ જિનાલય તીર્થે શ્રી આદિનાથ દાદાના દર્શન ચૈત્યવંદન કરી સાધ્વી શ્રી વિશ્વોદયાશ્રી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી રમ્યગુણાશ્રી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી અનંતગુણાશ્રી મ.સા.આદિ ઠાણાને વંદન કરેલ પૂજ્યશ્રીએ માગંલિક શ્રવણ કરાવેલ. સંઘ આગળ પ્રયાણ કરી રાયણ ગામે ચંદ્રપ્રભુ પરમાત્માના દર્શન ચૈત્યવંદન કરી પ.પૂ. ઉપાધ્યાય શ્રી પૂર્ણભદ્ર મ. સા. ને વંદનકરેલ, પૂજ્યશ્રીએ માગંલિક શ્રવણ કરાવેલ રાયણ સંઘ નો બહુમાન શ્રી ખુશાલભાઈ મોંમાયા એ સ્વીકારેલ. બપોરના સાધર્મિક ભક્તિનો લાભ રાયણ સંઘે લીધેલ. ત્યાંથી સંઘ નવાવાસ (દુર્ગાપુર) પહોંચ્યો. જ્યાં શાંતિનાથ પરમાત્મા ના દર્શન ચૈત્યવંદન કરી, પ.પુ. સાધ્વીશ્રી વિપુલગુણાશ્રી મ.સા. આદિ ઠાણાને વંદન કરેલ, પૂજ્યશ્રીએ માગંલિક શ્રવણ કરાવેલ, દુર્ગાપૂર સંઘનો સન્માન શ્રી રાજેશભાઇ નાગડા એ સ્વીકારેલ બપોરના ચાય કોફી લાભ દુર્ગાપુર સંઘે લીધેલ. ત્યાંથી ભગવાન મહાવીર પશુરક્ષા કેન્દ્ર જે ૬૫૦ એકર માં ફેલાયલું છે જયા અપંગ પશુઓ માટે આવાસ તેમજ બારેમાસ લીલોચારો કુદરતી રીતે ચરી શકે એવી વ્યવસ્થા કરેલ છે તેમજ પક્ષીઓ અને વન્ય પશુઓ કુદરતી વિચરી શકે એવા જંગલ અને ૬૫ એકરમાં બનાવેલ નંદીસર તળાવ ની મુલાકાત લીધેલ ત્યાં ફ્રુટનો લાભ આપેલ. ત્યાંથી પ્રાગપર અહિંસાધામ પશુ હોસ્પિટલ (આઇસીયુ) ની મુલાકત લીધેલ અને ચોવિહાર કરેલ, ત્યાંથી સંઘ સ્તવન અંતાક્ષરીની મોજ લેતા ભદ્રેશ્વર તીર્થ પહોંચેલ જ્યાં શ્રી મહાવીરસ્વામી પરમાત્માના દર્શન કરી ભગવાનની ભાવનાની રમઝટ જમાવેલ અને આરતીનો લહાવો લીધેલ. ભદ્રેશ્વર ટ્રસ્ટ તરફથી સંઘપતિ પરિવારોનું બહુમાન કરવામાં આવેલ. ચૈત્યપરિપાટી પૂર્ણાહૂતિના અંતિમ ચરણમાં મહાજનશ્રી તરફથી મુખ્ય દાતાશ્રી માતુશ્રી વેજબાઈ સોમચંદભાઈ નાગડા પરિવાર અને સહયોગી દાતાશ્રી આદિનાથ સોસાયટી પરિવારનો અનુમોદના સહ બહુમાન કરવામાં આવેલ. અને એક સદગૃહસ્થ પરિવારનો અનુમોદના સહ આભાર માનવામાં આવેલ.

યાત્રાને યાદગાર બનાવવા ફોટોગ્રાફી કરી અને યુ ટ્યુબ પર યાત્રાનો અહેવાલ અપલોડ કરી આપવા માટે શ્રી ઋષભ નાગડા અને મનીષ મોમાયાનો મહાજનશ્રી તરફથી ખાસ અનુમોદના સહ આભાર માનવામાં આવેલ.

યાત્રા દરમિયાન વિવિધ ભાગ્યશાળીઓ તરફથી કુલ્લ રૂ. ૧૫૦/- નું સંઘ પૂજન કરવામાં આવેલ. વ્યવસ્થા સર્વશ્રી વસ્તુપાલ નાગડા, મહેશ લોડાયા, પીયૂષ લોડાયા, નયન લોડાયા, ભીખુભાઈ શાહ, ભાવેશ કુરવા, ઋષભ નાગડા, હાર્દિક નાગડા, ગીતેન ધરમશી, હિતેન છેડા, વિરાજ મૈશેરી અને સર્વે યુવાનો એ સંભાળેલ. યાત્રા દરમિયાન મહાજનશ્રીની કમિટી અને કાર્યકરો તરફથી કોઈ ભૂલચૂક થઈ હોય કે મન દુભાયું હોય સગવડ ન સચવાણી હોય તો પુરી કમિટી વતી મિચ્છામી દુક્કડમ.

આ સફળ આયોજના યશના ભાગીદાર ચૈત્યપરિપાટીમાં જોડાયેલા ૨૧૦ જ્ઞાતિજનો અને ઉદારદિલ સંઘપતિ પરિવારો રહ્યા. આ સર્વે પરિવારોની ખુબ ખુબ અનુમોદના અને આવા સુકૃતના કાર્યો સદાય કરતા રહેશો એવી શુભ ભાવના સહ મહાજન વતી ખૂબ ખૂબ અનુમોદના.

# શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ગાંધીધામ દ્વારા ચૈત્ય પરિપાટી ૨૦૨૩ યોજાઈ



# મુમુક્ષુ રાજેશભાઈ મોમાયાને મહારાજ સાહેબએ દીક્ષા મુહૂર્ત પ્રદાન કર્યું






તા.૧૫ ઓક્ટોબર રવિવારના દિને મૂળ જખૌ હાલે જલગામના દીક્ષા મનોરથી મુમુક્ષુ રાજેશભાઈ ગુલાબચંદ મોમાયાને વડોદરા કચ્છી જૈન સંઘ ખાતે સાહિત્ય દિવાકર, રાજસ્થાન દક્ષિણ દીપક પ.પૂ.અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના વરદ હસ્તે દીક્ષા મુર્હૂત પ્રદાન કરેલ. આ અવસરે જલગામ સંઘ વતી ખૂબ ખૂબ વધામણી સાથે અનુમોદના કરાઈ હતી.









# સુથરી મહાતીર્થે શ્રી ભક્તામર પૂજન દ્વારા ધર્મ આરાધના થઈ

સોનથરીના પ્રચલિત નામે ઓળખાતા અબડાસા પ્રાંતના સુથરી મહાતીર્થે ચાતુર્માસ બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા સહ સ્થવીર પ.પૂ.સાધ્વી શ્રી મહાયશાશ્રીજી મ.સા. સહ નિશ્રામાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની પુણ્ય તિથિ નિમિત્તે શનિવાર તા.૧૪ ઓક્ટોબરના દિને સવારે ૧૦ કલાકે શ્રી ભક્તામર પૂજન એચ.ડી.આર.સભ્યો, ટ્રસ્ટીઓના સહયોગે વિધિકાર દીપક કોઠારી તથા સંગીતકાર નિકેશ દેઢિયાના સથવારે રાખવામાં આવેલ.



# જલગામ સંઘમાં નવપદ શાશ્વતી આયંબિલ ઓળીનો પ્રારંભ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન શ્વેતાંબર દેરાસર ચાલીસગામ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.આદિ ઠાણા ૪ની પાવન નિશ્રામાં આસો સુદ ૭ તા.૨૦ ઓક્ટોબર શુક્રવારથી નવપદ શાશ્વતી આયંબિલ ઓળીનો પ્રારંભ થયો.

સંપૂર્ણ નવપદ શાશ્વતી આયંબિલ ઓળીના લાભાર્થી પરિવાર સૂરિ ગુણોદય કૃપા પ્રાપ્ત સિધ્ધ પદ ચાહક ગુરૂ ભક્ત પરિવાર. તેઓની સંઘવતી ખૂબ ખૂબ અનુમોદના.

# શ્રી કચ્છી સર્વોદય અચલગચ્છ જૈન સંઘ ચેમ્બુરમાં મહાકાળી માતાજીની ભક્તિ ભાવના ભણાવાઈ





તા.૧૪ ઓક્ટોબર રવિવાર રોજે નવરાત્રીના પ્રથમ દિને શ્રી કચ્છી સર્વોદય અચલગચ્છ જૈન સંઘ ચેમ્બુર મધે અચલગચ્છ અધિષ્ઠાયિકા દેવી શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના પ.પૂ. મુનિરાજ શ્રી જગવલ્લભસાગરજી મ.સા.ની શુભ નિશ્રામાં હંસકુમાર મૈશેરી અને અનંત મિત્ર મંડળ ભાંડુપએ સંગીત સાજને તાલે ભાવપૂર્વક ભણાવી રમઝટ જમાવી હતી.

# નાંદેડ સંઘમાં મહારાજ સાહેબની પુણ્યતિથિએ પૂજા, અખંડ જાપ અને સરસ્વતી મહાપૂજન કરાયું







શ્રી નાંદેડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની નિશ્રામાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૩૫મી પુણ્યતિથિ તેમજ દીર્ઘ સંયમી પ.પૂ.સાધ્વીશ્રી નિરંજનાશ્રીજી મ.સા.ની ૧૪મી પુણ્યતિથિ દિને પૂજા, અખંડ જાપ તથા શ્રી સરસ્વતી મહાપૂજન સંપન્ન થયેલ. તેમજ શ્રી ઉવસગરમ લબ્ધિ કળશને ઘેર ઘેર પધરાવવાનો લાભ સકલ સંઘ વતી મોટી સંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓ લઈ રહ્યાં છે.





# કીર્તિભાઈ ધરમશીના અતિથિ વિશેષ સ્થાને જ્યુડો દશેરા ગેમ્સ સીએમ કપ યોજાયો













તા.૨૦ ઓક્ટોબર શુક્રવારના કર્ણાટકના મૈસુર મધે જ્યુડો દશેરા ગેમ્સ સીએમ કપ ૨૦૨૩-૨૪ ઈવેન્ટનું આયોજન કર્ણાટક જ્યુડો એસોસિએશન બેંગલોર દ્વારા એસોસિએશનના વાઈસ પ્રેસિડન્ટ અને સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી કીર્તિભાઈ ધનજી ધરમશીના અતિથિ વિશેષ સ્થાને તેમના હસ્તે ઉદ્‌ઘાટન કરીને પ્રારંભ થયો. સ્પર્ધાઓને અંતે તેમના અને એસોશિએસનના સેક્રેટરી જનરલ અને કસ્ટમસ અને એકસાઈઝ વિભાગના ભૂતપૂર્વ કમિશનર શિવાનંદના હસ્તે વિજેતા તેમજ ઉપવિજેતાને મેડલ અને સર્ટિફિકેટનું વિતરણ કરાયું.







# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

**80G સર્ટિફીકેટ**

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ભુજ તાલુકાના હબાય ગામના વાઘેશ્વરી મંદિરના પૂજારી દર વર્ષે ગાયોના ગોવાળ બનવાનું અનોખું વ્રત રાખે છે. શ્રાવણ માસ શિવની આરાધના પૂજા અને ભક્તિનો મહિનો છે. આ માસમાં ભાવિકો પોતપોતાની ભાવના અને શ્રધ્ધા મુજબ ધાર્મિક કાર્યો સાથે પ્રભુ ભક્તિ કરે છે. પૂજારી લક્ષ્મણ ગિરિ ગોસ્વામી એક દિવસ આખો ગાયો સાથે વિતાવે છે. વહેલી સવારે હાથમાં લાકડી લઈને હબાય મંદિર સંચાલિત ગૌશાળાની ગાયોના ઘણને લઈને સીમમાં નીકળી પડે છે. બપોરનું ભાણું પણ સીમમાં જ મંગાવે છે. સાંજ સુધી ગાયોને ચરાવી પરત ફરે છે. તેઓ આખો શ્રાવણ મહિનો ગાયોને ચરાવવાના કામમાં રોકાયેલા રહે છે. આ પાછળ તેમની ભાવના આ પવિત્ર મહિનો વધુને વધુ ગાયો સાથે રહી શકાય તેવી હોય છે.

● સ્થાનિક તંત્ર નાગરિકોની તકલીફનું નિવારણ કરવા જ્યાં ઊણું ઉતરી રહ્યું છે ત્યાં છ છકડા ચાલકો પોતાના નગરની પ્રત્યેની નૈતીક ફરજ સમજીને ભુજમાં અલગ અલગ જગ્યાએ જ્યાં પણ જોખમી ખાડા નજરે પડે છે તેને પૂરવાની ઉમદા કામગીરી કરે છે. ન કોઈ આશા ન અપેક્ષા માત્ર નેક સકાર્ય કર્યાનો સંતોષ મળે છે એ ભાવના હૈયે છે. તો સાથો સાથ ફર્સ્ટ એઈડ બોક્ષ તથા ઠંડા પાણીના જગ સાથે રાખી લોકોની તરસ બૂઝાવવાનો ધર્મ હૈયે રાખ્યો છે. આ કામગીરીનો ઉદ્દેશ સમજાવતા કહ્યું કે કોઈપણ વ્યક્તિને ખાડાની પગલે અકસ્માત ન નડે તે માટે આ કામ કરી રહ્યા છે અને જ્યાં સુધી શક્ય બનશે ત્યાં સુધી આ કાર્ય કરતા રહેવાનો ઈરાદો તેઓ ધરાવે છે.

● જોધપુર રાજસ્થાનના માઈ ભક્ત ચેતન પુરી અગાઉ ૪૫૦૦ કિ.મી.ની નર્મદા પરિક્રમા કરી ચૂક્યા છે. હવે તેઓ માતાના મઢથી વૈષ્ણોદેવી સુધી અખંડ જ્યોત પ્રગટાવી પહેરવા વગર પદયાત્રા શરૂ કરી છે. પદયાત્રા ખટલા ભવાની મંદિરેથી શરૂ કરી હતી તે વેળાએ શીતલા મંદિરના પૂજારી, મઢના પૂર્વ સરપંચ સહિત અસંખ્ય લોકોએ ચેતન પુરી બાપુને શુભેચ્છા પાઠવી વિદાય આપી હતી.

● કચ્છના માંડવી તાલુકાના ખોબા જેવા ગામ બાગના યુવા પ્રગતીશીલ શિક્ષકની પ્રયોગશીલતાને કારણે રાષ્ટ્રીય સ્તરે ઝળક્યું છે. બાગ ગામની હુંદરાઈ બાગ વાડી વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષક દીપક જેઠાલાલ મોતાને શ્રેષ્ઠ શિક્ષક તરીકે એવોર્ડ જાહેર કરાયો છે. દેશભરમાંથી ૫૦ શિક્ષકની યાદીમાં ગુજરાતના બે શિક્ષકોને સ્થાન મળ્યું છે તેમાં એક કચ્છના દીપક મોતા છે. ૨૦૨૨માં રાજ્યકક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક પ્રાપ્ત કરનાર દીપક મોતાને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે રૂ.૫૦ હજાર રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર તેમજ ચંદ્રક આપીને સન્માનિત કરાયા. વીસ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા ઉત્સાહી શિક્ષક કોરાના કાળ દરમ્યાન માંડવી તાલુકાના ગામે ગામ ૧૮ મહિના સુધી પોતાની અલ્ટો કારમાં ડિઝિટલ શાળા બનાવી શિક્ષણ રથની મદદથી બાળકોને ઘર આંગણે જઈને ભણાવ્યા હતા.

● મુંદરા અમદાવાદ વચ્ચે બે સીટર એર ટેક્સી સોમવારથી શુક્રવાર સુધી રોજની ચાર ટ્રીપ કરશે. જેનો પ્રારંભ થવાથી આ સુવિધાને વ્યાપારી સંગઠનોએ આવકારી છે. બે જણાની ક્ષમતા ધરાવતું વિમાન સવારે ૬.૫૦ અમદાવાદથી રવાના થઈ સવારે ૮.૩૦ મુંદરા પહોંચશે. ત્યાં ૧૫ મિનિટનો વિરામ લઈ ૮.૪૫ મુંદરાથી ઉડાનભરી ૧૦.૨૫ વાગે અમદાવાદ પરતમાં ૧૦.૫૫ વાગે અમદાવાદથી નીકળી ૧૨.૩૫ મુંદરા પહોંચી ૧૨.૫૦ કલાકે મુંદરાથી ઉડાન ભરી ૧૪.૩૦ વાગે અમદાવાદ પહોંચશે. એક જણનું એક તરફનું ભાડું રૂ.૩૪૦૦ રાખવામાં આવ્યું છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA